| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૦૬ | ૦૪ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ : | ૦૮ | ૦૮ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૩ | ૦૨ |

**ક્રિમીનલ કેસ નં– ૨૯૮/૨૦૨૬**

**આંક:– ૧૪**

**FORM - A**

| | |
|---|---|
| **હાંસોટના મહે.જીયુડી. મેજી. ફ્સ્ટ કલાસ સાહેબશ્રી એસ.એસ. અજમેરીની કોર્ટમા**<br><br>**(જજમેન્ટ તારીખ– ૦૮/૦૮/૨૦૨૬ )**<br>**(હાંસોટ પોલીસ સ્ટેશન, ગુ.ર.નં– ૧૧૧૯૯૦૨૪૨૫૦૩૭૮/૨૦૨૫ )**<br>**બી.એન.એસ. કલમ – ૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબ** | |
| **ફરીયાદી:–** | **શ્રી સરકાર.**<br>**( મુળ ફરિયાદી – મનટુકુમાર લલીતભાઇ પરમાર )** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એ.પી.પી.શ્રી એચ.વી.મોદી |
| **આરોપીઓ :–** | ૧) દિવ્યેશભાઇ ભરતભાઇ વસાવા<br>૨) તુષારભાઇ ભરતભાઇ વસાવા<br>૩) નરેશભાઇ કાંતુભાઇ ઉર્ફે કાંતીભાઇ વસાવા<br>૪) બળવંતભાઇ જયંતિભાઇ વસાવા<br>૫) સુશિલાબેન ભરતભાઇ વસાવા<br>તમામ રહે – આસરમા, વસાવા ફળિયું, તા. હાંસોટ, જી. ભરૂચ |
| આરોપીઓ તરફે :– | વિ.વ.શ્રી એન.વી. પટેલ |

**FORM - B**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | – |
| એફ.આઈ.આર.તારીખ– | ૨૯/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૩૧/૧૨/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | ૨૭/૦૭/૨૦૨૬ |
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૨૭/૦૭/૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | ૨૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદા તારીખ– | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | ---------- |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ અન્વયે ઈન્સફી કાર્યવાહી દરમ્યાન અટકાયતમા પસાર કરેલ સમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિવ્યેશભાઇ ભરતભાઇ વસાવા | | | બી.એન.એસ. કલમ–૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ– | નિર્દોષ | – | લાગુ પડતી નથી. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૩૫ | | | |
| ૨ | તુષારભાઇ ભરતભાઇ વસાવા | | | બી.એન.એસ. કલમ–૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ | નિર્દોષ | | લાગુ પડતી નથી. |
| ૩ | નરેશભાઇ કાંતુભાઇ ઉર્ફે કાંતીભાઇ વસાવા | | | બી.એન.એસ. કલમ–૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ | નિર્દોષ | | લાગુ પડતી નથી. |
| ૪ | બળવંતભાઇ જયંતિભાઇ વસાવા | | | બી.એન.એસ. કલમ–૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ | નિર્દોષ | | લાગુ પડતી નથી. |
| ૫ | સુશિલાબેન ભરતભાઇ વસાવા | | | બી.એન.એસ. કલમ–૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ | નિર્દોષ | | લાગુ પડતી નથી. |

## FORM - C

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના સાહેદોનું લીસ્ટઃ–**

**એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | મનટુકુમાર લલીતભાઈ પરમાર | ૯ | ફરિયાદી |
| | | | |

**બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | ---- | --- |

**સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:–**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| -- | ---- | --- |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

**એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદ |
| ૨ | ૧૧ | ગુનવાવાળી જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૧૨ | મેડિકલ સર્ટિફિકેટ |
| ૪ | ૧૩ | ક્લોઝીંગ પુરસીસ |

**બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

**સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટઃ–**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| -- | --- | --- |

**–: ચુકા દો :–**

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ આરોપી નં.૧ નાઓને કેમેરો એક દીવસના રૂ.૫૦૦ લેખે ભાડે આપેલ જે કેમેરાના ભાડાના નાણાં બાબતે ફરીયાદી અરજદાર પાસે માંગણી કરતા આરોપી નં.૧ નાઓએ ફરીને તથા સાહેદને જુનાઓભા પેટ્રોલપંપ પાસે રૂ.૧૪૦૦/- ફરીને આપેલ તે દરમ્યાન બાકી નીકળતા નાણાં માંગણી કરતા આરોપી નં.૧ નાઓએ જણાવેલ કે હુ દવા પી લઇશ તેમ કહેતા ફરી. તથા સાહેદો તથા આરોપી પોતાના ધરે જતા રહેલ ત્યાર બાદ આ કામના ઉપરોકત આરોપીઓ ગેરકાયદેસર મંડળી બનાવી ત્રણ ઇકો ગાડી તથા ત્રણ મોટરસાયકલ ઉપર નવાઓભાા ગામે જઇ ફરીને ઉંચકીને જમીન ઉપર પાડી દઇ ગડદા પાટુનો માર મારી તથા પંચ વડે ડાબી આંખ ઉપર ઇજા પહોંચાડી તથા સાહેદોને ગડદા પાટુનો મારમારી જેમ તેમ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધાક ધમકી આપી તેમજ મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેર નામાનો ભંગ કરી ગુનો કરી બી.એન.એસ.એસ. કલમ - ૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩)તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તે અંગેની ફરીયાદીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા ઉપરોક્ત ગુન્હા સબબ હાલનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ - ૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આરોપી સામે આંક -૩ થી તહોમનામુ ફરમાવી આરોપીની આંક - ૪ થી ૮ ની પ્લી રેકર્ડ કરવામાં આવતા અને તેમાં આરોપી એ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયાનું મૌખિક રીતે જાહેર કરવામાં આવતા, અને આ કામે પડેલ પુરાવો જોતા આરોપીઓનું બી.એન.એસ.એસ. ની કલમ – ૩૫૧ મુજબ વિશેષ નિવેદન જેટલો પુરાવો જણાઈ આવતો ન હોય નોધેલ નથી

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરેલ છે જેમા અમારો કેસ શંકાથી પર સાબીત કરેલ છે જેથી ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લઈ આરોપીઓને સખત સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામના આરોપીઓ એ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, તેઓ સામે ખોટો કેસ કરવામાં આવેલ છે અને આરોપીઓ નિર્દોષ છે તેઓ સામે રહેમ રાખી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) ઉપરોકત હકીકતે નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદી પક્ષ નિઃશકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદીએ આરોપી નં.૧ નાઓને કેમેરો એક દીવસના રૂ.૫૦૦ લેખે ભાડે આપેલ જે કેમેરાના ભાડાના નાણાં બાબતે ફરીયાદી અરજદાર પાસે માંગણી કરતા આરોપી નં.૧ નાઓએ ફરીને તથા સાહેદને જુનાઓભા પેટ્રોલપંપ પાસે રૂ.૧૪૦૦/– ફરીને આપેલ તે દરમ્યાન બાકી નીકળતા નાણાં માંગણી કરતા આરોપી નં.૧ નાઓએ જણાવેલ કે હુ દવા પી લઇશ તેમ કહેતા ફરી. તથા સાહેદો તથા આરોપી પોતાના ધરે જતા રહેલ ત્યાર બાદ આ કામના ઉપરોકત આરોપીઓ ગેરકાયદેસર મંડળી બનાવી ત્રણ ઇકો ગાડી તથા ત્રણ મોટરસાયકલ ઉપર નવાઓભાા ગામે જઇ ફરીને ઉંચકીને જમીન ઉપર પાડી દઇ

ગડદા પાટુનો માર મારી તથા પંચ વડે ડાબી આંખ ઉપર ઈજા પહોંચાડી તથા સાહેદોને ગડદા પાટુનો મારમારી જેમ તેમ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધાક ધમકી આપી તેમજ મે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેર નામાનો ભંગ કરી ગુનો કરી બી.એન.એસ.એસ. કલમ – ૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩)તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૭) મારા ઉપરોકત મુદ્દાઓ પરત્વેના તારણો ઉપર આવવા માટેના કારણો નીચે મુજબ છે.

::: કા..ર..ણો :::

**મુદ્દા નંબર ૧ :–**

(૮) સદર કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાય શાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપીઓ સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવો જોઈએ.

(૯) બી.એસ.એ. ની કલમ–૧૦૪ થી ૧૦૬ મુજબ ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબનો ગુનો પુરવાર કરવાનો બોજો ફરિયદપક્ષ ઉપર હોય ફરિયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં આંક–૦૯ થી ફરિયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમા જણાવેલ છે કે, આજથી એકાદ વર્ષ પહેલા અમાર ગામના દિવ્યેશભાઇ સાથે કેમેરાના ભાડા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બનાવમા બીજુ કશુ બનેલ નહી. સદર બોલાચાલી બાબતે આવેશમા આવી જઇ મે હાંસોટ પો.સ્ટેશનમા પોલીસ ફરિયાદ આપેલી. જે અસલ ફરિયાદ હુ જોઇને ઓળખી બતાવુ છુ. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદર સાહેદને **હોસ્ટાઇલ** જાહેર કરી કોર્ટ પરવાનગીથી સદર સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. તેમ છતાં સદર સાહેદોની ઉલટ તપાસ દરમિયાન પણ સદર સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિશેષ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબની કોઇ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી

(૧૦) આમ ઉપરોક્ત વિગતે ફરિયાદપક્ષે રજુ થયેલ લેખિત, મૌખિક પુરાવો તથા બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં ફરિયાદપક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત છે તે સાબિત કરવા માટે પ્રથમ તો એ સાબિત કરવુ પડે કે, આ કામના ફરિયાદીએ આરોપી નં.૧ નાઓને કેમેરો એક દીવસના રૂ.૫૦૦ લેખે ભાડે આપેલ જે કેમેરાના ભાડાના નાણાં બાબતે ફરીયાદી અરજદાર પાસે માંગણી કરતા આરોપી નં.૧ નાઓએ ફરીને તથા સાહેદને જુનાઓભા પેટ્રોલપંપ પાસે રૂ.૧૪૦૦/– ફરીને આપેલ તે દરમ્યાન બાકી નીકળતા નાણાં માંગણી કરતા આરોપી નં.૧ નાઓએ જણાવેલ કે હુ દવા પી લઇશ તેમ કહેતા ફરી. તથા સાહેદો તથા આરોપી પોતાના ધરે જતા રહેલ ત્યાર બાદ આ કામના ઉપરોકત આરોપીઓ ગેરકાયદેસર મંડળી બનાવી ત્રણ ઇકો ગાડી તથા ત્રણ મોટરસાયકલ ઉપર નવાઓભા ગામે જઇ ફરીને ઉંચકીને જમીન ઉપર પાડી દઇ ગડદા પાટુનો માર મારી તથા પંચ વડે ડાબી આંખ ઉપર ઇજા પહોંચાડી તથા સાહેદોને ગડદા પાટુનો મારમારી જેમ તેમ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધાક ધમકી આપી તેમજ મે.જીલ્લા

મેજીસ્ટ્રેટ સાહેબના જાહેર નામાનો ભંગ કરી ગુનો કરી બી.એન.એસ.એસ. કલમ– ૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨),૩૫૨,૧૯૧(૧),૧૯૧(૨),૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનુ સાબીત કરવામાં સફળ થાય તો જ આરોપીઓ વિરુધ્ધનુ તહોમત થઇ શકે.

(૧૧) જે અનુસંધાને રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવો ધ્યાને લેતા આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાની અને કાયદાકીય જોગવાઇઓની એક સાથે ચર્ચા કરી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, આ કામે ફરિયાદીએ સ્વીકારેલ છે કે તેમને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બનાવમા બીજુ કશુ બનેલ નથી તથા સદર બોલાચાલી બાબતે આવેશમા આવી જઇ તેમણે પોલીસમા ફરિયાદ આપેલી. તેથી આ કામના આરોપીઓ વિરુદ્ધ તહોમત મુજબનો આક્ષેપ પુરવાર થતો નથી.આ કામના આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ.એસ. કલમ –૧૧૫, ૧૧૮(૧), ૩૫૧(૨), ૩૫૨, ૧૯૧(૧), ૧૯૧(૨), ૧૯૧(૩) તથા જી.પી.એક્ટ કલમ–૧૩૫ મુજબનના ગુનાનુ તહોમત મુકવામા આવેલ છે, ત્યારે આરોપી વિરુધ્ધના સદર ગુનાનુ તહોમત સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા પડે અને તે તત્વો શંકાથી પર પુરવાર થાય તો જ આરોપીને ઉપરોક્ત ગુનાની કલમો હેઠળ તકસીરવાન ઠરાવી શકાય.

(૧૨) ઉપર મુજબના આવશ્યક તત્વોને ધ્યાનમાં લેવામા આવે તો ફરિયાદપક્ષે આરોપી સામે આક્ષેપાએલ ગુનો પુરવાર કરવા માટે આરોપીઓએ ફરિયાદીનેઉચકીને જમીન ઉપર પાડી દઇ ગડદા પાટુનો માર મારી તથા પંચ વડે ડાબી આંખ ઉપર ઇજા પહોંચાડી તથા સાહેદોને ગડદા પાટુનો મારમારી જેમ તેમ ગાળો બોલી હોય કે જાન થી મારી નાખવાની ધમકી આપી હોય તેવુ પુરવાર થતુ નથી અને વધુમા ના. ગુજ.વડી અદાલતે "પ્રવિણભાઇ બેચરભાઇ વણકર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત" જે ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાન નં. ૩૩૭ ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે, In order to convict an accused under Section –506 (2) of Indian

Penal Code, the threat as contemplated in Section–506 must cause alarm in the mind of person so threatened. આમ ના. ગુજરાત વડી અદાલતે એમ ઠરાવેલ છે કે, ઇ.પી.કો. કલમ –૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જે વ્યક્તિને ધમકી આપવામાં આવી હોય તે વ્યક્તિને ભય ઉત્તપન્ન થયેલ હોવો જોઇએ. આવી કોઇ હકીકત રેકર્ડ પર આવેલ નથી. તેથી ઇ.પી.કો. કલમ –૫૦૬(૨) ના કોઇ આવશ્યક તત્વો પુરવાર થતા નથી. વધુમાં આ કામે આરોપીઓ સામે બી.પી. એક્ટની કલમ –૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે તે અંગે આ કામે ફરિયાદી બનાવ સમયે હાલના પુરાવામાં જણાવતા નથી. બનાવ સ્થળ ખાતે સદર જાહેરનામુ ઢોલ પીટાવી કે ઢંઢેરો કરી ગામમાં જાહેરાત કરી કે પ્રચાર કરી પ્રસિધ્ધ કરાવેલ હોય તેવી કોઇ હકીકત પુરાવામાં આવેલ નથી. જેથી જ્યારે બનાવ સમયે બનાવ સ્થળે હથિયાર બંધીનુ જાહેરનામુ અમલમાં હોય તે લગતનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય ત્યારે બનાવ સ્થળે હથીયાર બંધીનુ જાહેરનામુ અમલમા હતુ તે હકીકત માની શકાય નહિ. જે જોતા આરોપીઓ વિરુધ્ધ જી.પી. એક્ટ કલમ –૧૩૫ પુરવાર થયેલ નથી. જેથી આરોપીઓને ગુજરાત પોલીસ એક્ટની કલમ –૧૩૫ મુજબ તકસીરવાન ઠરાવી શકાય નહિ. આમ, ઉપરોક્ત વિગતે સમગ્ર ચર્ચાના અંતે અહી ફરિયાદપક્ષ આરોપીની વિરુધ્ધના આક્ષેપ નિઃશકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય અને આ હકીકતો ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય તે સંજોગોમા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપવાનુ ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

(૧) આ કામના આરોપીને ૧) દિવ્યેશભાઇ ભરતભાઇ વસાવા, ૨) તુષારભાઇ ભરતભાઇ વસાવા, ૩) નરેશભાઇ કાંતુભાઇ ઉર્ફે કાંતીભાઇ વસાવા, ૪) બળવંતભાઇ જયંતિભાઇ વસાવા, ૫) સુશિલાબેન ભરતભાઇ વસાવા, તમામ રહે – આસરમા, વસાવા ફળિયું, તા. હાંસોટ, જી. ભરૂચનાઓને બી.એન.એસ.એસ. ની કલમ –૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) આરોપીઓએ વચગાળાના જામીન આપેલા તેને બી.એન.એસ.એસ.ની કલમ -૪૮૧ મુજબ અપીલ સમય સુધીના જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા. ૦૮/૦૮/૨૦૨૬
સ્થળ : હાંસોટ.

**(એસ.એસ. અજમેરી)**
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
હાંસોટ,
કોડ નં. જી.જે.૦૧૫૨૫